ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૫૫.૫૫ ટકા પરિણામ

૪૫૧ વિદ્યાર્થીઓ એવન ગ્રેડ, ૨૧૧૬૮૬ વિદ્યાર્થી નાપાસ થયા : એટુ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨૪૫ નોંધાઈ : અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૭૭.૩૭ અને ગુજરાતી માધ્યમનુ પરિણામ ૫૪.૦૩ ટકા નોંધાયુ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ આજે સવારે ભારે ઉત્સુકતા વચ્ચે ૫૫.૫૫ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ૫૦૫ કેન્દ્રો અને પેટાકેન્દ્રો પરથી લેવામાં આવેલી પરીક્ષામાં ૪૬૭૧૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૨૫૫૪૧૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. કુલ મળીને પરિણામ ૫૫.૫૫ ટકા રહ્યુ છે. આ વખતે ડાંગ જિલ્લાનુ પરિણામ સૌથી ઉંચુ ૭૭.૩૨ ટકા રહ્યુ છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ છોટા ઉદયપુર જિલ્લાનુ રહ્યુ છે. સામાન્ય પ્રવાહના ૪૬૨૮૯૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૪૫૫૬૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જે પૈકી ૨૫૨૯૫૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.સામાન્ય પ્રવાહમાં પરિણામની ટકાવારી ૫૫.૫૨ રહી છે. આવી જ રીતે વ્યવસાયલક્ષી પ્રવાહમાં ૧૧૮૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૧૧૮૦ વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી. જે પૈકી ૬૧૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને પરિણામ ૫૨.૨૯ ટકા રહ્યુ છે. ઉત્તર બુનિયાદી પ્રવાહમાં ૩૦૧૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૩૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી. આમાંથી ૧૮૩૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પરિણામ ૬૧.૨૭ ટકા રહ્યુ છે. ત્રણેય પ્રવાહના કુલ ૪૬૭૧૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૪૫૯૮૦૬ વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી. જેમાંથી ૨૫૫૪૧૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આજે પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ સૌથી ઉંચુ પરિણામ ધરાવતુ કેન્દ્ર નાનપુર બ્લાઈન્ડ (સુરત) રહ્યુ હતુ. જેનુ પરિણામ ૧૦૦ ટકા રહ્યુ છે. આ વખતે સામાન્ય પ્રવાહમાં ૨૦૬ સ્કુલોનુ પરિણામ ૧૦૦ ટકા રહ્યુ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ સવારે જાહેર કરી દેવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સુકતા દેખાઈ હતી. અત્રે નોંધનીય છે કે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૦મી મેના દિવસે જાહેર કરાયું હતું જ્યારે ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ ૨૮મી મેના દિવસે જાહેર કરાયું હતું. હવે આજે સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ પણ જાહેરકરવામાં આવ્યુ હતુ. લાખો વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા દેખાઈ રહી હતી. પરિણામ સવારે આઠ વાગે બોર્ડની વેબસાઈટ ઉપર મુકી દેવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ તેમના પરિણામને જોવા લાગી ગયા હતા. આવી જ રીતે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનુ પરિણામ ૨૮મી મેના દિવસે જાહેર કરવામાં આવ્યુ હતુ. પરિણામ ૬૭.૫૦ ટકા રહ્યુ હતુ. જાહેર કરવામાં આવેલા પરિણામમાં આ વખતે સુરત જિલ્લાએ મેદાન મારી લીધુ હતું. સુરત જિલ્લાનુ પરિણામ ૮૦.૦૬ ટકા રહ્યુ હતું. જ્યારે દાહોદ જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૩૭.૩૫ ટકા રહ્યુ હતું. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.ધોરણ ૧૦માં જુનાગઢના ખોરાસા કેન્દ્રનુ પરિણામ ૯૬.૯૩ ટકા રહ્યુ હતું.

પરિણામની વાત કરવામાં આવે તો આ વખતે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા માર્ક મેળવી લેનાર સ્કુલોની સંખ્યા ૩૬૮ રહી હતી. આવી જ રીતે ગુજરાતી માધ્યમનુ પરિણામ ૬૫.૧૬ ટકા રહ્યુ હતું. અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૯૦.૧૨ ટકા રહ્યુ હતું.

આવી જ રીતે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૦મી મેના દિવસે જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. સેમેસ્ટર પ્રથાને રદ કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનુ પરિણામ પ્રથમ વખત જાહેર કરવામાં આવ્યુ હતું. અમદાવાદ શહેરનુ પરિણામ ૭૫.૨૪ ટકા જાહેર કરાયું હતુ. અમદાવાદ જિલ્લાનુ પરિણામ ૮૨.૧૭ ટકા જાહેર કરાયું હતુ. સામાન્ય પ્રવાહનુ પરિણામ આ વખતે પણ વધારે ઉંચુ રહ્યુ નથી જેથી વાલીઓમાં આને લઈને ચર્ચા જોવા મળી હતી. સામાન્ય પ્રવાહની વાત કરવામાં આવે તો તેમાં એવન ગ્રેડ મેળવનારની સંખ્યા ૪૫૧ રહી છે. જ્યારે વ્યવસાયલક્ષીમાં કોઈ પણ વિદ્યાર્થીને એવન ગ્રેડ નથી. આવી જ રીતે ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં કોઈ વિદ્યાર્થીને એવન ગ્રેડ મેળવી લેવામાં સફળતા મળી નથી. એકંદરે પરિણામની વાત કરવામાં આવે તો નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧૧૬૮૬ રહી છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૯૯૩૬ રહી છે. પ્રવાહવાર ગ્રેડવાર પરિણામ પર નજર કરવામાં આવે તો તમામ ચિત્ર ચિત્ર સ્પષ્ટ થાય છે.

પરિણામની સાથે-સાથે...

એકંદરે પરિણામ	૫૫.૫૫ ટકા
વિદ્યાર્થીઓનુ પરિણામ	૬૩.૭૧ ટકા
વિદ્યાર્થીનિઓનુ પરિણામ	૭૪.૭૮ ટકા
વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર	નાનપુરા બ્લાઈન્ડ (સુરત) (૧૦૦ ટકા)
ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર	લુણાવડા(૧૧.૭૪ ટકા)
વધુ પરિણામ ધરાવતો જિલ્લો	ડાંગ (૭૭.૩૨ ટકા)
ઓછું પરિણામ ધરાવતો જિલ્લો	છોટાઉદયપુર (૩૧.૫૪ ટકા)
૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા	૨૦૬
એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ	૪૫૧
એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ	૮૨૪૫
અંગ્રેજી માધ્યમનુ પરિણામ	૭૭.૩૭
ગુજરાતી માધ્યમનુ પરિણામ	૫૪.૦૩
૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળા	૭૬
એક વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ	૮૮૨૦૭
કુલ પરીક્ષા કેન્દ્રો હતા	૫૦૫
કુલ વિદ્યાર્થીઓ નોંધાયા હતા	૪૬૭૧૦૦
પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થી	૪૫૯૮૦
પાસ થયેલા વિદ્યાર્થી	૨૫૫૪૧૪
નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ	૬૩.૭૧
નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ	૭૪.૭૮
પુનરાવર્તિત વિદ્યાર્થીઓનું પરિણામ	૧૫.૫૩
પુનરાવર્તિત વિદ્યાર્થીનીઓનું પરિણામ	૧૯.૦૭

જિલ્લાવાર પરિણામ...

જિલ્લો	ટકાવારી
અમદાવાદ શહેર	૬૧.૭૯
અમદાવાદ ગ્રામ્ય	૬૧.૧૪
અમરેલી	૫૨.૮૪
ભુજ	૬૭.૩૯
ખેડા	૫૬.૩૭
જામનગર	૫૯.૫૨
જૂનાગઢ	૫૦.૬૧
આહવા-ડાંગ	૭૭.૩૨
પંચમહાલ	૪૮.૬૧
બનાસકાંઠા	૬૩.૨૮
ભરુચ	૬૧.૪૨
ભાવનગર	૫૫.૬૯
મહેસાણા	૫૯.૭૦
રાજકોટ	૬૦.૮૪
વડોદરા	૫૭.૧૯
વલસાડ	૫૨.૧૧
સાબરકાંઠા	૪૬.૧૫
સુરત	૬૭.૪૨
સુરેન્દ્રનગર	૫૧.૪૪
સેન્ટ્રલ એડમિન	૪૫.૮૫
આણંદ	૫૦.૫૩
પાટણ	૫૨.૨૩
નવસારી	૬૫.૦૪
દાહોદ	૩૭.૫૧
પોરબંદર	૪૪.૪૪
નર્મદા	૩૮.૫૭
ગાંધીનગર	૫૫.૦૮
તાપી	૫૬.૧૧
અરવલ્લી	૪૯.૬૦
બોટાદ	૫૨.૫૫
છોટાઉદેપુર	૩૧.૫૪
દેવભૂમિ દ્વારકા	૫૧.૧૧
ગીરસોમનાથ	૪૭.૮૬
મહિસાગર	૩૨.૬૯
મોરબી	૫૬.૪૦
દિવ	૫૫.૭૯
કુલ	૫૫.૫૫

ગુજરાતી માધ્યમનું ૫૪.૦૩ ટકા પરિણામ

અંગ્રેજી માધ્યમનું ૭૭.૩૭ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે સવારે જાહેર કરવામાં આવ્યુ હતુ. પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતનુ પરિણામ ૫૫.૫૫ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમ કરતા વધારે રહ્યું છે. અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૭૭.૩૭ ટકા રહ્યુ છે. જ્યારે ગુજરાતી માધ્યમનુ પરિણામ ૫૪.૦૩ ટકા રહ્યુ છે. છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનિઓ વધારે નંબર મેળવી રહી છે. સામાન્ય પ્રવાહના પરિણામની માધ્યમવાઈઝ પરિણામની વાત કરવામાં આવે તો ગુજરાતી માધ્યમમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૨૫૧૪૩ રહી હતી. જે પૈકી ૪૧૮૨૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. ગુજરાતી માધ્યમમાં એવન ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫૨ રહી છે. જ્યારે એટુ ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩૪૦ રહી છે. ગુજરાતી માધ્યમમાં બીવન ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫૮૫૦ નોંધાઈ ગઈ છે. આવી જ રીતે હિન્દી માધ્યમમાં નવ વિદ્યાર્થીઓ એવન ગ્રેડ મેળવી ગયા છે. એટુ ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૪ રહી છે. અંગ્રેજી માધ્યમની વાત કરવામાં આવે તો ૮૯ વિદ્યાર્થી એવન ગ્રેડ મેળવી ગયા છે. એટુ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬૭૫ રહી છે. બી વન મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૬૩૭ રહી છે. આ પહેલા જ્યારે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ ત્યારે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૫૮ ટકા રહ્યું હતુ. જ્યારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૭૨.૪૫ ટકા રહ્યું હતુ. આ વખતે અંગ્રેજી માધ્યમમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ પૈકી ૭૭.૩૭ ટકા વિદ્યાર્થીઓ પાસ થઈ ગયા છે. ગુજરાતી માધ્યમમાં પાસ થનાર વિદ્યાર્થીઓની ટકાવારી ઓછી રહી છે. ગુજરાતી અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા એકબાજુ ઘટી રહી છે. સાથે સાથે પરિણામ પણ અંગ્રેજી માધ્યમ કરતા ઓછુ જાહેર થઈ રહ્યુ છે. હિન્દી અને અંગ્રેજી માધ્યમને પ્રોત્સાહન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે. ગુજરાતી અને હિન્દી માધ્યમ અંગે જ્ઞાન વિદ્યાર્થીઓને પુરતા પ્રમાણમાં રહે તો જરૂરી છે. હિન્દી ભાષાના જાણકાર લોકો અને સરકાર દ્વારા પણ હિન્દીને મહત્વ આપવામાં આવી રહ્યુ હોવા છતાં આ માધ્યમના વિદ્યાર્થીઓ ચિંતાજનક રીતે ઘટી રહ્યા છે. કેટલીક સ્કુલો તો હવે ઘટતા જતા વિદ્યાર્થીઓ વચ્ચે હિન્દી માધ્યમને બંધ કરવાની દિશામાં પણ આગળ વધી રહી છે. જે વધારે ચિંતા ઉપજાવે તેવી સ્થિતી છે.

માધ્યમવાઈઝ પરિણામ

ગુજરાતી માધ્યમ	
નોંધાયેલા વિદ્યાર્થી	૪૨૫૧૪૩
ઉપસ્થિત વિદ્યાર્થીઓ	૪૧૮૨૩૬
નાપાસ વિદ્યાર્થી	૧૯૯૧૬૯
પરિણામની ટકાવારી	૫૪.૦૩
હિન્દી માધ્યમ	
નોંધાયેલા વિદ્યાર્થી	૧૧૩૪૭
ઉપસ્થિત વિદ્યાર્થીઓ	૧૧૨૧૦
નાપાસ વિદ્યાર્થી	૪૯૦૨
પરિણામની ટકાવારી	૫૭.૪૯
અંગ્રેજી માધ્યમ	
નોંધાયેલા વિદ્યાર્થી	૨૭૯૬૦
ઉપસ્થિત વિદ્યાર્થીઓ	૨૭૭૩૪
નાપાસ વિદ્યાર્થી	૬૫૦૨
પરિણામની ટકાવારી	૭૭.૩૭

પરિણામને લઈને ભારે ઉત્સુકતા રહી

ગાંધીનગર, તા.૩૧

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ આજે સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ પરિણામને લઈને ભારે ઉત્સુકતા માત્ર વિદ્યાર્થીઓમાં જ નહી બલ્કે તેમના માતાપિતામાં પણ જોવા મળી હતી. સવારે આઠ વાગે પરિણામ બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવે તે પહેલા જ જ ઉત્સુકતા વધી ગઈ હતી. બોર્ડ દ્વારા સવારે આઠ વાગે પરિણામ તેની વેબસાઈટ પર મુકી દેવામાં આવ્યુ હતુ. પરિણામના દિવસે જ વિદ્યાર્થીઓને માર્કશીટ અને પ્રમાણપત્ર મળી જાય તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવી રહી છે. આ વખતે પણ હમેંશાની જેમ જ કેટલાક વિદ્યાર્થીઓના પરિણામ રિઝર્વ રાખવામાં આવ્યા છે. તમામ પાસા પર તપાસ કરવામાં આવ્યા બાદ તેમના પરિણામ અંગે નિર્ણય કરાશે. પરીક્ષા દરમિયાન ૧૩૩૨ કેસ ગેરરીતિના નોંધાયા હતા.

ભાજપને ફટકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂર્વ સાંસદ હુકમસિંહની પુત્રી મૃગાંકાને મેદાનમાં ઉતારી હતી. બીજી બાજુ સંયુક્ત વિપક્ષ તરફથી રાષ્ટ્રીય લોકદળ આરએલડીની તબસ્સુમ હસનને મેદાનમાં ઉતારવામાં આવી હતી. કૈરાના અને નુરપુરમાં ભાજપની કારમી હાર થઈ છે. બીજી બાજુ અન્ય જગ્યાઓની વાત કરવામાં આવે તો બિહારની જોકીહાટ વિધાનસભા સીટ પર થયેલી પેટાચૂંટણીમાં આરજેડીના ઉમેદવાર શાહનવાઝે જેડીયુના ઉમેદવારને ૪૧૨૨૪ મતે હાર આપી છે. તેજસ્વીએ કહ્યું છે કે, તકવાદીઓ ઉપર લાલૂવાદની આ જીત થઈ છે. તેજસ્વીએ ભાજપ પર પ્રહારો કર્યા હતા. પંજાબની શાહપુર વિધાનસભા સીટ અકાળી દળ પાસેથી કોંગ્રેસ પાર્ટીએ આંચકી લીધી છે. બીજી બાજુ શિવસેના પાલઘર લોકસભા પેટાચૂંટણીમાં ભાજપના હાથે હારી ગઈ છે પરંતુ ભાજપ પર શિવસેનાએ આકરા પ્રહારો કર્યા છે. ભાજપની પાલઘરમાં જીત થઈ છે જ્યારે અન્ય ગોંડિયા સીટ ઉપર એનસીપીની જીત થઈ છે. નાગાલેન્ડ લોકસભા પેટાચૂંટણીમાં પીડીએના ઉમેદવારે જીત મેળવી લીધી છે. ઝારખંડમાં બંને સીટો ઉપર જેએમએમના ઉમેદવારોએ સપાટો બોલાવ્યો છે. સિલ્લી સીટ પર જેએમએમના ઉમેદવાર સીમા મહોતોનો જીત થઈ છે જ્યારે ગોમિયા વિધાનસભા સીટ પર જેએમએમના ઉમેદવાર બબીતાદેવીની જીત થઈ છે. બિહારમાં જેડીયુની હાર થઈ છે. આવી જ રીતે કેરળમાં ચેન્નુર વિધાનસભાની પેટાચૂંટણીમાં સીપીએમના ઉમેદવારે જીત મેળવી લીધી છે. મેઘાલયમાં અમ્પાતી સીટ પર કોંગ્રેસના ઉમેદવાર મુકુલ સંગ્માની પુત્રી મિયાની શિરાએ જીત મેળવી છે. પશ્ચિમ બંગાળમાં મહેશતાલા વિધાનસભા સીટ પરથી તૃણમુલના દુલાલ દાસે જીત મેળવી લીધી છે. તેમના પત્નિ અને ધારાસભ્ય કસ્તુરીદાસના અવસાના પરિણામ સ્વરુપે આ સીટ પર પેટાચૂંટણી થઈ છે. ભાજપે આ સીટ પર સીબીઆઈના પૂર્વ અધિકારી સુજીત ઘોષને મેદાનમાં ઉતાર્યા હતા. પલુસકાડેગાંવ વિધાનસભા સીટ પર કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારની જીત થઈ છે. અહીં પતંગરાવ કદમના અવસાનના કારણે આ સીટ ખાલી થઈ છે. જો કે, ઉત્તરાખંડમાં ભાજપે પોતાની સીટ બચાવી લીધી છે. થરાલી વિધાનસભા સીટ પર ભાજપના ઉમેદવારે જીત મેળવી છે. ભાજપના ધારાસભ્ય મગનલાલ શાહના અવસાનના કારણે આ સીટ ખાલી થઈ હતી.

મિત્રોની જરૂર નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરફેણમાં કામ કરે છે તો લોકશાહી ખતરામાં પડી જાય છે. ચૂંટણી પંચમાં જે ભ્રષ્ટાચાર છે તેને લઈને ઉદ્ધવે કહ્યું હતું કે, ચૂંટણી પંચને નિમણૂંક કરવાને બદલે તેની ચૂંટણી થવી જોઈએ. ઉદ્ધવે કહ્યું હતું કે, અમે પહેલાથી જ દુવિધામાં હતા પરંતુ ૨૦૧૪ની સરખામણીમાં ભાજપની મત હિસ્સેદારી ઘટી છે. ૬૦ટકા લોકો ભાજપનો અસ્વીકાર કરી રહ્યા છે. ઉદ્ધવે પાલઘરની જનતાનો આભાર માનતા યુપીના મુખ્યમંત્રી યોગી પર પ્રહાર કર્યા હતા. ઉદ્ધવે ઉમેર્યું હતું. ઉત્તરપ્રદેશની જનતાએ ભાજપને ગોરખપુરમાં અસ્વિકાર કર્યા બાદ યોગીએ મહારાષ્ટ્રમાં આવીને શિવાજીના બહાને શિવસેના પર પ્રહારો કર્યા હતા. મહારાષ્ટ્રમાં યોજાયેલી પેટાચૂંટણીના પરિણામ પણ ભાજપ માટે તેની પ્રતિષ્ઠા મુજબના રહ્યા નથી. પાલઘરમાં ભાજપની જીત થઈ છે પરંતુ ભંડારા-ગોંદિયા સીટ પર એનસીપીના ઉમેદવાર કુકડેની જીત થઈ છે. કોંગ્રેસે આ સીટ પર એનસીપીને સમર્થન આપ્યું હતું. પાલઘરમાં ભાજપે શિવસેનાને હાર આપી છે પરંતુ અહીં પણ સ્પર્ધા જોરદાર રહી હતી.

કર્ણાટકમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉદ્યોગ, ઉર્જા, આઈટી/બીટી, પર્યટન અને શિક્ષણ મંત્રાલય મળ્યુ છે જ્યારે જેડીએસને પીડબ્લ્યુડી, રેવન્યુ અને કૉપરેટીવ અફેર્સ મંત્રાલય પણ આપવામાં આવ્યુ છે. રાજ્યમાં ૩૪ સંભવિત મંત્રીસ્તરીય પદોમાંથી કોંગ્રેસને ૨૨ મળશે જેમાં ઉપમુખ્યમંત્રી પરમેશ્વરનું નામ પણ શામેલ છે. જેમણે પહેલા જ શપથ ગ્રહણ કરી લીધા છે. જ્યારે જેડીએસને ૧૨ મંત્રાલય મળવાની આશા છે. સમાચાર મુજબ એક કોંગ્રેસ નેતાએ નામ ન જણાવવાની શરતે કહ્યુ કે આ પ્રકારની સ્થિતિ માટે પક્ષ તૈયાર નહોતુ અને એટલા માટે જ કેબિનેટની રચના કરવામાં વાર લાગી રહી હતી.

બહુમતિ ઘટીને

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંનેએ કર્ણાટક વિધાનસભાના સભ્ય તરીકે શપથલીધા હતા. પેટાચૂંટણીમાં ભાજપને બંને સીટો ઉપર હારનો સામનો કરવો પડ્યો છે. આજ કારણસર ભાપજની સીટોમાં ઘટાડો થયો છે. ૧૩ લોકસભા સીટ પર થયેલી પેટાચૂંટણીમાં આઠ ઉપર ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે. આમા એ સીટ પણ સામેલ છે જેના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા જેમાં કૈરાના સીટનો પણ સમાવેશ થાય છે. આ સીટ પાર્ટીના નેતા હુકમસિંહના અવસાન બાદ ખાલી થઈ હતી. અહીં આરએલડીના ઉમેદવારની જીત થઈ છે. ઉત્તરપ્રદેશ ઉપરાંત ભાજપને સાંસદ દિલીપસિંહ હુરિયાના અવસાન બાદ ખાલી થયેલી સીટ પર યોજાયેલી સીટ પર હારનો સામનો કરવો પડ્યો છે.

વ્યવહારો અટવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખોરવાઈ ગઈ હતી. દેશમાં કુલ બિઝનેસ પૈકી ૭૫ ટકા બિઝનેસ જાહેર ક્ષેત્રની બેંકો હેઠળ ચાલે છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા માત્ર બે ટકાના પગાર વધારા સામે આ હડતાળની હાકલ કરવામાં આવી હતી. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન ૯ યુનિયનોની છત્ર સંસ્થા તરીકે છે. આજે હડતાળના કારણે મોટી સંખ્યામાં બેંકિંગ કામો અટવાઈ પડ્યા હતા. ૧૦ લાખથી વધારે બેંક કર્મચારીઓની હડતાળના કારણે બેંકિંગ સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. હડતાળના કારણે ખાતાધારકોને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ હડતાળ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના બેનર હેઠળ પડી છે. હડતાળ સવારે છ વાગે શરૂ થઈ હતી. આ બેંકોમાં જે લોકોના ખાતા છે તે લોકોને જરૂરી સેવા લેવાની તક મળી ન હતી. નેટબેંકિંગ, આરટીજીએસ, એનઈએફટી જેવી સેવાઓ ખોરવાઈ ગઈ હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, અલ્હાબાદ બેંક, યુનિયન બેંક, યુકો બેંક સહિત જાહેર અને ખાનગી સેક્ટરની બેંકો પણ જોડાઈ હતી. એટીએમના સિક્યુરિટી ગાર્ડ પણ હડતાળ ઉપર ઉતર્યા હતા. ઈન્ડિયન બેંક એસોસિએશને પગાર વધારાની માંગને ફગાવી દીધી હતી. એડિશનલ લેબર કમીશનર રાજન વર્માએ બેંક યુનિયન સાથે વાત કરી હતી. હડતાળ ન પડે તે માટે બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જો કે યુનિયનોના પ્રતિનિધીઓ તૈયાર થયા ન હતા.

દબાણો હટાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવીને રહે છે. તેની સામે ખાલી પ્લોટમાં ઝુંપડા બનાવીને રહેતા ગાયો-ભેંસો રાખતા હોય, જાહેરમાં નાહવા-સંડાસ તેમજ લાકડાં બાળી પ્રદૂષણ ફેલાવતા હોય છે, જે સામે રહેતા સેક્ટરના વસાહતી માટે અસહ્ય હોય છે. સેક્ટરોમાં જ કેમ આવા દબાણ થાય છે, કેમ મંત્રી નિવાસ કે ધારાસભ્યોના નિવાસ છે ત્યાં આવા પ્રકારનું દબાણ હોતુ નથી, આ થવાનું કારણ જ એ છે કે સરકારના તંત્રમાં સંકલનનો અભાવ છે. આ માટે આપના અધ્યક્ષ સ્થાને બેઠક કરી જવાબદારી નક્કી કરવાની જરૂર છે કે નવા ઝુંપડા સેક્ટરોમાં થાય તો તે માટે દરેક સેક્ટરોમાં ઈન્ક્વાયરી હોય છે, તેનો સ્ટાફ અને ગાંધીનગર મનપા પાસે એસ.આઈ.હોય છે આ બંનેને જવાબદારી સોંપી નવા દબાણ ના થાય તે રોજેરોજ ચેક કરી રીપોર્ટ દરમાસે માંગવા જોઈએ. તો જ્યારે આગ લાગે ત્યારે કુવો ખોદવો ન પડે. જ્યારે પણ કોઈ વીવીઆઈપીના આવવાના હોય અથવા તેની ફરીયાદ આવે ત્યારે જે રીતે તંત્ર કામે લાગે છે.